**માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ના પ્રચાર અને પ્રસાર માટે નાણાકીય જોગવાઈ / મંજુરી.**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
સચિવાલય, ગાંધીગનર
ઠરાવ ક્રમાંક: બજટ--૨૦૦૬-૧૧૪૯-(૭૯)-આર.ટી.આઈ.સેલ
તારીખ:- ૧૧-૦૯-૨૦૦૭

<u>વંચાણમાં લીધો</u> :- સા.વ.વિભાગનો તા.૨૨-૬-૦૭નો ઠરાવ ક્ર: બજટ-૨૦૦૬-૧૧૪૯(૭૯)-આરટીઆઈસેલ

<u>ઠરાવ</u> :

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૨૬ માં રાજ્ય સરકારને નાણાકીય અને બીજા સ્ત્રોતોની ઉપલબ્ધતાના પ્રમાણમાં શૈક્ષણિક કાર્યક્રમો વિકસાવવા અને તેની વ્યવસ્થા કરવા માટે તેમજ જાહેર સત્તાધિકારીઓ ધ્વારા તેમની પ્રવૃત્તિઓ વિષે પ્રચાર-પ્રસાર કરવા સૂચવવામાં આવ્યું છે. તેને ધ્યાનમાં લઈને સામાન્ય પ્રજાજનથી માંડીને ઉપેક્ષિત જનસમુદાય સુધી આ કાયદાનો વિવિધ સ્વરૂપે પ્રચાર અને પ્રસાર કરવા અને કલમ-૨૬માં દર્શાવેલ અન્ય હેતુઓ માટે જે તે વહીવટી વિભાગ(ખુદ)ના નાણાકીય વર્ષ ૨૦૦૭-૦૮ના અંદાજપત્રની મંજુર કરવામાં આવેલ કુલ જોગવાઈમાંથી રૂ.૫.૦૦ લાખની મર્યાદામાં ખર્ચ કરવાની દરેક વિભાગને, વંચાણમાં લીધેલ તા.૨૨-૬-૨૦૦૭ના ઠરાવથી મંજુરી આપવામાં આવેલ.

૨. પુખ્ત વિચારણાને અંતે, દરેક વિભાગ તેના બજેટમાંથી ઉપર જણાવ્યા પ્રમાણે રૂ.૫.૦૦ લાખનો ખર્ચ અલાયદી રીતે કરે તેના બદલે, કાયદાની કલમ-૨૬ નીચેની જવાબદારીઓ અદા કરવાના હેતુથી અને આ ફંડનો અસરકારક ઉપયોગ થઈ શકે તે માટે રૂ.૫.૮૦ લાખની ગ્રાન્ટ સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ કે જે સ્વાયત્ત સંસ્થા છે, તેના હસ્તક મૂકવાનું આથી ઠરાવવામાં આવે છે.

૩. આ અંગે દરેક વિભાગે રૂ.૫.૦૦ લાખની રકમની ગ્રાન્ટ સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદને હવાલે મૂકવાના જરૂરી હુકમો કરી તેની એક નકલ સા.વ.વિ./આર.ટી.આઈ.સેલને મોકલવાની રહેશે.

૪. સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદે સચિવાલયના સર્વે વિભાગો તરફથી તેઓ હસ્તક મૂકાયેલ ગ્રાન્ટ સમગ્ર રાજ્યમાં આર.ટી.આઈ.કાયદાના પ્રચાર અને પ્રસાર માટે તેમજ આર.ટી.આઈ. કાયદાની કલમ-૨૬ નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરવાની રહેશે અને કરેલ ખર્ચ અને સમગ્ર કાર્યવાહીનો અહેવાલ દરેક વહીવટી વિભાગ, આર.ટી.આઈ.સેલ/સામાન્ય વહીવટ વિભાગ અને ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરને કરવાનો રહેશે.

આ હેતુ માટે કરેલ કામગીરી અંગે સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થાને તેમના હસ્તક મૂકાયેલ કુલ ફંડમાંથી ૫% રકમ વહીવટી ખર્ચ તરીકે રાખી શકવા / વાપરી શકવા માટેની મંજુરી આપવામાં આવે છે.

૫. સામાન્ય વહીવટ વિભાગનો વંચાણે લીધેલ તા.૨૨-૬-૨૦૦૭ના ઠરાવની ઉપર દર્શાવ્યા સિવાયની અન્ય બાબતો યથાવત રહેશે.

૬. આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૩-૦૯-૨૦૦૭ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.એમ.ઠક્કર)
સેકશન અધિકારી,
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એકાઉન્ટસ એન્ડ એન્ટાઈટલમેન્ટસ), રેસકોર્ષ રોડ, રાજકોટ.
- એકાઉન્ટ જનરલશ્રી (ઓડીટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, અર્થશાસ્ત્ર અને આંકડા બ્યુરોની કચેરી,સેકટર-૧૮, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગોના આર.ટી.આઈ.ના નોડલ અધિકારીશ્રી....જરૂરી કાર્યવાહી તાત્કાલિક કરવા સારૂ.
- ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ (તા.૨૨-૬-૨૦૦૭ના ઠરાવની નકલ સાથે)
- સામાન્ય વહીવટ વિભાગ, લ-શાખા,સચિવાલય, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગ, ટ-શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગ, રોકડ-૧-શાખા, સચિવાલય, ગાંધીનગર.
- નાણા વિભાગ, બજેટ (ક) -શાખા, સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અધિકારી સિલેકટ ફાઈલ
- શાખા સિલેકટ ફાઈલ.